આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૮/૦૫/૨૦૨૬ થી તા.૨૪/૦૫/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ): ચાલુ વીકમાં પરિવારમાં તાલમેળ રહેવાથી વારસાગત અને કૌટુંબિક ધંધામાં પ્રગતિ થાય. આર્થિક બાબતે ચોક્કસ બનશો. કેરીયરમાં ચડતીપડતી રહે. છતાં નવી તક મળે અને જીવનસાથી સાથે સંતાનોના કેરીયરની યોજના પાર પડશે. ટ્યુશન ટેકનોલોજી, દલાલી જેવા કામમાં લાભ થાય. વારસાના કામમાં ગતિ આવે. પ્રેમમાં ગેરસમજ થાય. કોઈ હરીફાઈમાં ભાગ લેવાનું બને.

વૃષભ (બ,વ,ઉ): ચાલુ વીકમાં ઉત્સાહજનક પ્રગતિથી વહીવટી અને વ્યાવહારિક કામમાં અનુકૂળતા રહે તથા નોકરીમાં નવી તક કે પગાર વધારો મળે. આર્થિક બચતની યોજના બને. ઘરમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. નોકરી કે ધંધા માટેની યોજના પાર પડી શકે તેમજ પ્રવાસ, પર્યટન જેવા કામમાં પ્રગતિ થાય. મિત્રો સાથે વેપાર-વ્યવસાયની યોજના બને. બહારના કામનો બોજ રહે.

મિથુન (ક,છ,ઘ): સપ્તાહ દરમિયાન કામનો બોજ રહેવાથી આરોગ્ય નરમ રહે. આળસના કારણે આરામ કરવાનું મન થાય. સમાજ જીવનમાં પ્રગતિ થાય. રંગીન અને રોમેન્ટીક મુલાકાત થાય. દાંપત્ય જીવનમાં પ્રેમ વધે. નવી નોકરી મળે. પારિવારિક ધંધામાં આવક વધે. મોજ-શોખના ધંધામાં નવી તક મળે. મિત્રો સાથે વિવાદ થાય.

કર્ક (ડ,હ): ચાલુ વીક પ્રેમ પ્રકરણોમાં અશાંતિ પેદા કરનાર રહેશે. મિત્રો સાથે વિવાદથી મન અશાંત રહે. શેર બજારના કામમાં તક મળે. વિદેશ પ્રવાસ અને ધાર્મિક પ્રવાસના કામમાં ગતિ આવશે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. સમાજસેવાથી મનને શાંતિ મળે. આધુનિક ટેકનોલોજીથી લાભ થાય. શિક્ષણને લગતાં કામમાં પ્રગતિ થાય. ઉઘરાણી આવવાથી રાહત રહે.

સિંહ (મ,ટ): સપ્તાહ સમાજજીવનમાં અશાંતિ પેદા કરશે. સ્વતંત્ર ધંધામાં લાભ થાય. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. નોકરિયાતની જવાબદારી વધે. મિત્રો સાથે વિવાદ થાય. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. વેપાર ધંધા બાબતે વડીલોની મદદ મળે. ગુપ્ત ભય સતાવે. સરકારી કામ કોર્ટ, કચેરીમાં ખાસ સાવધાની રાખવી. ઉંમરલાયકના વિવાહ થઈ શકે છે.

કન્યા (પ,ઠ,ણ): સપ્તાહ નવું શીખવા અને નવી ટીમ સાથે કામ કરવાની તકવાળું રહેશે. નોકરીમાં પ્રભાવ વધે. અચાનક મદદ મળે. મિત્રો સાથે વ્યવસાય કે ટેકનોલોજીને લગતાં કામની યોજના બને. ખાણી-પીણી-મોજ-શોખ, બ્યુટિપાર્લર કે ગારમેન્ટ્સ જેવા ધંધામાં આવક વધશે. વિદ્યાર્થીઓની પરીક્ષા સફળ રહે. શેરબજારનાં કામ થાય. પ્રેમમાં સહકાર મળે. વિશ્વાસ વધે.



તુલા (ર,ત): ચાલુ વીકમાં સરકારી કામ, વીલ, વારસો, વીમા એજન્સીને લગતાં કામ પાર પડશે. ઉઘરાણી આવી શકે છે. ધાર્મિક સાહિત્ય, તીર્થયાત્રાને લગતાં કામમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. પારિવારિક સમસ્યાનું સમાધાન થાય. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. નોકરીમાં નવી તક ઊભી થાય. પ્રેમમાં ગેરસમજથી અશાંતિ વધે. મિત્રોનો સાથ રહેશે.

વૃશ્ચિક (ન,ય): સપ્તાહ દરમિયાન પ્રેમવિવાહમાં મદદ મળે. ઉંમર લાયકના વિવાહ થાય. વિદેશના કામમાં ગતિ આવે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નોકર-ચાકરથી સાવધાન રહેવું. ઉધાર લેવાનું ટાળવું. નોકરીમાં પ્રમોશન થઈ શકે. વિદેશને લગતાં કામમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણમાં મદદ મળે. આવક વધારવાની યોજના પાર પડે. પ્રવાસ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ): સપ્તાહ દરમિયાન કામનો બોજ વધે. આરોગ્ય નરમ રહે. સરકારી કામમાં ગતિ આવે. નોકરી-ચાકરથી નુકસાન થઈ શકે છે. જીવનસાથી સાથે સામાજિક કામ થાય. જાહેર જીવનમાં અશાંતિ વધે. પ્રેમપ્રકરણમાં સાવધાની રાખવી. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. સરકારી યોજનાના લાભ મળે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી મનને શાંતિ મળે.

મકર (ખ,જ): સપ્તાહ વિદ્યાર્થીઓને શુભ સમાચારવાળું અને મિત્રો સાથે મનોરંજનવાળું રહે. પ્રવાસમાં સાવધાન રહેવું. મોજ-શોખના ધંધામાં આવક વધે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. માતાના આરોગ્યની સમસ્યા સતાવે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. રોજના કામમાં મદદ મળે. રોજની આવક વધે.

કુંભ (ગ,સ,શ,ષ): ચાલુ વીકમાં નવા કામ માટેની તકો ઊભી થાય. કેરીયરમાં પ્રગતિ થાય. નવા ફેરફારથી પ્રભાવ વધે. નવા મકાનની યોજનામાં વડીલોનો સાથ મળે. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. મોજ-શોખ અને શિક્ષણને લગતા ધંધામાં આવક વધે. શેર બજારનાં કામ થાય. સંતાનોની પ્રગતિ થાય. પરીક્ષામાં સફળતા મળે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ મળે. સરકારી કામમાં મદદ મળે. ઘરના કામનો બોજ વધશે.

મીન (દ,ચ,ઝ,થ): ચાલુ વીક વહીવટી કુશળતા અને વ્યાવહારિક તથા બીજાને મદદરૂપ થાય તેવા કામમાં વ્યસ્ત રહેવું પડશે. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. ઘર-પરિવારને મદદરૂપ બનશો. નવા ઘર, ઓફિસની યોજનામાં પ્રગતિ થાય. નોકરીમાં નવા ફેરફારથી બહારના કામનો બોજ વધશે. વડીલોની મદદ વારસાના કામમાં મળે. પ્રેમમાં વિશ્વાસ વધશે. શુભ સમાચાર મળે. ગુપ્ત ભય સતાવે.

વિજય થલાપતી - અભિનેતામાથી નેતા

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે રાજકારણમાં સફળતા માટે સત્તા અને પ્રશાસન કૂટનીતિ માટે સૂર્ય વિજય થલાપતિની પ્રાપ્ત મિથુન લગ્નની કુંડલીમાં પરાક્રમ અને સાહસ તથા આત્મવિશ્વાસના કારક ત્રીજાનો માલિક સૂર્ય થાય છે અને તે દેહભુવનમાં રાહુના નક્ષત્રમાં લગ્નેશ બુધ અને ભાગ્યેશ શનિ સાથે છે. સાહસ અને શક્તિ-ઊર્જાનો કારક મંગળ બીજ ચંદ્ર સાથે નીચભંગ રાજયોગ કરે છે. જનતાની ચાહના અને અનુશાસનનો કારક શનિ કેન્દ્રમાં અને કૂટનીતિનો કારક રાહુ છઠ્ઠે બળવાન બને છે અને તે બુધના નક્ષત્રમાં છે. બુધ અને રાહુનો નક્ષત્ર પરિવર્તન યોગ થાય છે.

કોઈ પણ ક્ષેત્રમાં સફળતા માટે લગ્ન અને લગ્નેશ બળવાન હોવા જરૂરી છે તેમાંય રાજકારણમાં સફળતા માટે લગ્ન અને લગ્નેશ મજબૂત હોવા એ પ્રથમ પગથિયું છે. વિજય થલાપતિનો લગ્નેશ બુધ લગ્નમાં પંચ મહાપુરુષમાંનો એક એવો શુભ ભદ્રયોગ કરે છે અને તે કર્મેશ ગુરુની દૃષ્ટિમાં બળવાન બને છે.

આ ભદ્રયોગના ગુણ વિજય થલાપતિમાં જોવા મળે છે. તે એક સફળ કલાકાર અને જનતાના દિલમાં સ્થાન આપનાર યોગ છે. ધીરજ અને કુશળતા આ યોગનું પ્રથમ લક્ષણ છે. આ યોગમાં જન્મનાર ચોક્કસ સમાજમાં પોતાનું સ્થાન પેદા કરે છે. વાતાવરણ પ્રમાણે આ યોગવાળો અગ્રગણ્ય વ્યક્તિત્વ સમાજમાં પ્રાપ્ત કરે છે. જગવિખ્યાત આ યોગના કારણે જ થયો છે અને આ ભદ્રયોગના કારણે તે પોતાને સભ્ય બનાવીને સભ્ય ઈમેજ ઊભી કરવામાં સફળ થયો છે.

વિજય થલાપતિની મિથુન લગ્નની ચલિત કુંડલી વધુ બળવાન બને છે. ચલિતમાં દેહ ભુવનમાં લગ્નેશ બુધ, સૂર્ય, શનિની સાથે કેતુ અને સામે રાહુ તથા કેન્દ્રમાં દસમે ગુરુ હંસ યોગ નામના શુભ બળવાન યોગ કરે છે. હંસયોગ જાતકને સમાજ અને સમાજની બહાર અથવા દેશ અને વિદેશમાં લોકપ્રિય બતાવે છે. આર્થિક અને સત્તાની દૃષ્ટિએ સફળતા આપે છે. ભદ્ર અને હંસયોગના કારણે કલાક્ષેત્રે સિદ્ધિ મળી અને પ્રજાના દિલમાં અમર સ્થાન મળ્યું છે. ટૂંકમાં જ્યોતિષશાસ્ત્રના નિયમ પ્રમાણે તેની કુંડલીમાં યોગો છે અને તેના કારણે જ ગણતરીપૂર્વક અને કુનેહપૂર્વક સામાજિક જીવનમાં પ્રવેશ થયો છે અથવા પ્રવેશવામાં સફળ થયો છે.

જ્યોતિષશાસ્ત્રમાં આત્મકારક ગ્રહનું ઘણું જ મહત્ત્વ છે. કોઈ પણ માણસ કે વ્યક્તિના જન્મનો શો હેતુ છે અથવા તે કેવા પ્રકારનાં કામ કરવા જન્મ્યો છે. ટૂંકમાં જીવનયાત્રાનો હેતુ શું છે તે આત્મકારક ગ્રહ બતાવે છે અને જે તે જાતકનું આંતરિક વ્યક્તિત્વ કેવું છે તે આત્મકારક ગ્રહ બતાવે છે. આત્મકારક ગ્રહ જાતકના આત્માનો અરીસો છે અને તે ક્યા રસ્તે જવાનું છે તેનું નિર્દેશન કરે છે.

વિજય થલાપતિનો આત્મકારક ગ્રહ ગુરુ છે માટે તે પોતાની ઈમાનદારી છોડશે નહીં. પોતાના સર્વહિત ઉચ્ચ સિધ્ધાંતો પ્રમાણે લોકોની સેવા કરશે. તેને સાચા સલાહકાર મળશે. અધ્યાત્મ અને જ્ઞાનની પરિભાષાને સમજીને વ્યાવહારિક રસ્તે ચાલવાની તીવ્ર ઈચ્છા રહેશે અને વાતાવરણ પણ એવું જ મળશે. ઉત્તમ કે ઉમદા ઈન્સાનની તેની ઈમેજ કાયમ રહેશે.

કારકોશ કુંડલીમાં આત્મકારક ગ્રહ ગુરુ પ્રથમ ભાવમાં વૃષભ રાશિમાં તથા દસમે શનિ-રાહુની યુતિ અને ભાગ્યમાં શુક્ર તથા સાતમે સ્વગ્રહી મંગળ કારકોશ કુંડલી જ જાતકના ભાવિ તથા કેરીયર, અધ્યાત્મ, સામાજિક પ્રવૃત્તિ, આર્થિક સમૃદ્ધિ, પરિવાર અને સમાજમાં પ્રતિષ્ઠા વગેરે નક્કી કરે છે. કારકોશમાં શુક્ર લગ્નેશ છે અને તે ભાગ્યમાં ગુરુની દૃષ્ટિમાં છે. નવેમ્બર-2018થી નવેમ્બર-2038 સુધીની મહાદશા આ શુક્રની છે અને આના કારણે જ જીવનમાં અચાનક પરિવર્તન આવ્યું. કારકોશમાં દસમું સ્થાન ખૂબ જ બળવાન બને છે. ત્યાં રાહુ શનિની યુતિ પર મંગળની દૃષ્ટિ રાજકારણ કે જાહેર જીવનમાં ઉચ્ચ સ્થિતિ અને કાયમ વિજયી યોગ કરે છે. કારકોશ કુંડલીમાં આઠમું સ્થાન જીવનમાં પરિવર્તનનું પ્રતીક માનવામાં આવે છે. જીવનમાં અચાનક કલ્પના બહારનું પરિવર્તન કે ટર્નિંગ પોઈન્ટનું આ સ્થાન છે. તેનો માલિક ગુરુ આત્મકારક છે અને આઠમે સત્તાનો કારક સૂર્ય છે.

02-02-2024માં Tamilaga Vettri Kazhagem-TVK ની સ્થાપના વખતે શુક્રની મહાદશામાં કારકોશમાં સ્વગ્રહી બનતાં ચંદ્રની અંતર દશામાં રાજકારણમાં લાવનાર શનિની પ્રતિ અંતર દશાની 28-12-2025એ ફિલ્મ દુનિયામાંથી સંન્યાસ લીધો ત્યારે પણ પ્રતિ અંતર દશા ચંદ્રની હતી. અંતરદશા મંગળની હતી. જાન્યુઆરી 2026થી જાન્યુઆરી 2029 સુધીની બળવાન રાહુ જે રાજનીતિમાં સફળ બનાવનારની શુક્રની મહાદશામાં રાહુની ચાલે છે. જે સંકેત આપે છે કે કોઈ પણ હરીફનું કંઈ જ ચાલશે નહીં. કૂટનીતિનો કારક રાહુ મૂળ, કુંડળી, નવયોગ અને કારકોશમાં ખૂબ જ બળવાન બને છે. માટે **અનેક સમસ્યાઓ છતાં પોતાની મેળે રસ્તા, નીકળતા જશે.** સરકાર રચવામાં અનેક વિઘ્નો આવ્યા છતાં નિર્વિઘ્ને તા. 10-05-2026 અને શપથ લઈને શુભ શરૂઆત કરી ત્યારે પણ મિથુન લગ્નમાં ગુરુની સ્થિતિ છે. **કુંડલી પ્રમાણે એક પ્રજાહિતેચ્છિક નેતા તરીકે રાજ કરવાના યોગ છે.**

કોઈ પણ ક્ષેત્રમાં સફળતા માટે લગ્ન અને લગ્નેશ બળવાન હોવા જરૂરી છે તેમાંય રાજકારણમાં સફળતા માટે લગ્ન અને લગ્નેશ મજબૂત હોવા એ પ્રથમ પગથિયું છે. વિજય થલાપતિનો લગ્નેશ બુધ લગ્નમાં પંચ મહાપુરુષમાંનો એક એવો શુભ ભદ્રયોગ કરે છે અને તે કર્મેશ ગુરુની દૃષ્ટિમાં બળવાન બને છે

અનુસંધાન ... પાના પહેલાનું

ઇરાન માટે સમય...

'આ તોફાન પહેલાની શાંતિ છે' તે પછી ટ્રમ્પે બીજી પોસ્ટમાં લખ્યું કે ઈરાન માટે, ઘડિયાળ ટિક ટિક કરી રહી છે, અને તેઓ ઝડપથી આગળ વધે, નહીંતર તેમનામાંથી કંઈ બચશે નહીં. સમય જ સાર છે. તેમની પોસ્ટનું વિવિધ રીતે અર્થઘટન કરવામાં આવી રહ્યું છે. ટ્રમ્પની આ ટિપ્પણી ઈરાની મીડિયા દ્વારા વાટાઘાટો ફરી શરૂ કરવા માટે અમેરિકાની મુખ્ય શરતો જાહેર કર્યાના થોડા કલાકો પછી આવી છે. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સી અનુસાર, અમેરિકા ઈચ્છે છે કે ઈરાન 400 કિલોગ્રામ સમૃદ્ધ યુરેનિયમ છોડી દે, ફક્ત એક પરમાણુ સુવિધા કાર્યરત રાખે અને સ્વીકારે કે સંઘર્ષ દરમિયાન થયેલા યુદ્ધના નુકસાન માટે કોઈ વળતર ચૂકવવામાં આવશે નહીં. દરમિયાન ન્યૂ યોર્ક ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે યુએસ અધિકારીઓએ ઈરાન સામે લશ્કરી હુમલાઓ ફરી શરૂ કરવા માટે "ઓપરેશન એપિક ફ્યુરી 2.0" માટે એક યોજના તૈયાર કરી છે. યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે જણાવ્યું હતું કે જો જરૂરી હોય તો, અમારી પાસે ઈરાનમાં પરિસ્થિતિને વધુ ખરાબ કરવાની, એટલે કે હુમલાઓને વધુ તીવ્ર બનાવવાની યોજના છે.

ઇરાન સમક્ષ...

મુક્ત કરવાનો ઇનકાર કર્યો હોવાનું કહેવાય છે. વધુમાં, અમેરિકાએ વિવિધ મોરચે ચાલી રહેલા સંઘર્ષોના અંતને આ વાટાઘાટોની સાતત્યતા અને પૂર્ણતા સાથે જોડી દીધો છે. 'વાયનેટ ન્યૂઝ'ના જણાવ્યા અનુસાર, અહેવાલમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જો ઈરાન આ શરતો પૂરી કરે તો પણ અમેરિકા અને ઈઝરાયેલના આક્રમણનો ખતરો યથાવત રહેશે. ઈરાની મીડિયાએ રવિવારે જણાવ્યું હતું કે યુદ્ધનો અંત લાવવા માટે ઈરાનના વાટાઘાટોના પ્રસ્તાવના જવાબમાં અમેરિકા કોઈ નક્કર છૂટછાટો આપવામાં નિષ્ફળ રહ્યું છે. 'મેહર ન્યૂઝ એજન્સી'એ જણાવ્યું હતું કે અમેરિકા કોઈ નક્કર છૂટછાટ આપ્યા વિના, એવી છૂટછાટો મેળવવા માંગે છે જે તે યુદ્ધ દરમિયાન મેળવવામાં નિષ્ફળ રહ્યું હતું, જેના કારણે વાટાઘાટોમાં મડાગાંઠ ઊભી થશે. ઈરાની મીડિયાએ એવું પણ અહેવાલ આપ્યો છે કે તેહરાને કોઈપણ વાતચીત માટે પાંચ વિશ્વાસ-નિર્માણ પૂર્વ-શરતો નક્કી કરી છે. આ શરતોમાં તમામ મોરચે, ખાસ કરીને લેબનાનમાં સંઘર્ષોનો અંત લાવવો, ઈરાન પરના પ્રતિબંધો હટાવવા અને ફ્રીઝ કરાયેલા ઈરાની ભંડોળને મુક્ત કરવાનો સમાવેશ થાય છે. 'તુર્કિયે ટુડે'ના જણાવ્યા અનુસાર, ઈરાનના સશસ્ત્ર દળોના પ્રવક્તાએ અમેરિકાને ચેતવણી આપી છે કે કોઈપણ નવા લશ્કરી હુમલાનો જવાબ "વધુ જડબાતોડ અને ગંભીર પ્રહારો" સાથે આપવામાં આવશે.

રતલામ નજીક...

૬૮ મુસાફરોને લઈને જઈ રહેલા આ કોચને ૧૫ મિનિટની અંદર ખાલી કરાવી દેવામાં આવ્યો હતો અને કોઈ જાનહાનિ થઈ ન હતી. રેલવે સત્તાવાળાઓએ તાત્કાલિક ઓવરહેડ વીજ પુરવઠો બંધ કરી દીધો હતો અને આગ પર કાબૂ મેળવ્યો હતો. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત કોચને પાછળથી ટ્રેનમાંથી અલગ કરવામાં આવ્યો હતો અને ટ્રેન સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ આગળની મુસાફરી માટે રવાના થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ઘટના બાદ કેટલીક ટ્રેનોને અલગ-અલગ સ્ટેશનો પર રોકી દેવામાં આવી હતી અને સાત કલાકથી વધુ સમય બાદ ટ્રેનોની અવરજવર સામાન્ય થઈ શકી હતી.

હોર્મુઝ પાર કરી...

જેના કારણે વળતા પ્રહારો થયા હતા. તેના પરિણામે તાજેતરના દાયકાઓમાં વિશ્વએ જોયેલી સૌથી ભયંકર ઊર્જા કટોકટી સર્જાઈ છે. દરમિયાન, ઊર્જા અને પુરવઠાના પ્રવાહને સુરક્ષિત રાખવા અંગે સંયુક્ત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદની એક વિશેષ બેઠકમાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ પાર્વતનેની હરીશે જણાવ્યું હતું કે, હોર્મુઝની સામુદ્રધુનીમાં વાણિજ્યિક શિપિંગને નિશાન બનાવવું, નાગરિક ક્રૂને જોખમમાં મૂકવું અને નેવિગેશનની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરવો તે અસ્વીકાર્ય છે.

સ્પેસ ઇન્ટેલિજન્સ...

મોરચો છે. અમે ડિફેન્સ અને ઈન્ટેલિજન્સમાં વિશેષતા ધરાવીએ છીએ, તેથી સ્વાભાવિક રીતે જ અમે ભારતને અમારા સોલ્યુશન્સ માટે એક મહત્વપૂર્ણ બજાર તરીકે જોઈએ છીએ.

કેરળમાં સતીશન...

છે, જે આવતીકાલે શપથ લેશે. રાજભવન ખાતે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને મંત્રીઓની યાદી સુપરત કર્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતા સતીશને જણાવ્યું હતું કે ગઠબંધનની અંદર સામાજિક અને પ્રાદેશિક સંતુલનને ધ્યાનમાં રાખીને સાથી પક્ષોના નેતાઓ સાથેની ચર્ચા બાદ આ નામો નક્કી કરવામાં આવ્યા છે. કેબિનેટના કુલ સભ્યોમાંથી 14 સભ્યો નવા ચહેરા છે. જાહેર કરાયેલા મંત્રીઓમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને ભૂતપૂર્વ મંત્રીઓ રમેશ ચેન્નીથલા, કે. મુરલીધરન અને એ. પી. અનિલ કુમાર ઉપરાંત કેપીસીસી (KPCC)ના વડા સની જોસેફનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એઆઈસીસી (AICC) દ્વારા સતીશનની પસંદગી કરવામાં આવી તે પહેલાં ચેન્નીથલા પણ મુખ્યમંત્રી પદની રેસમાં હતા.

આ ઉપરાંત વરિષ્ઠ આઈયુએમએલ નેતા પી. કે. કુંહાલિકુટ્ટી, આરએસપી (RSP) નેતા શિબુ બેબી જોન, કેરળ કોંગ્રેસના નેતા મોન્સ જોસેફ અને કેરળ કોંગ્રેસ (જેકબ)ના નેતા અનૂપ જોસેફ પણ મંત્રી બનશે. પ્રથમ વખત મંત્રી બનનારાઓમાં કોંગ્રેસના નેતાઓ પી. સી. વિષ્ણુનાથ, રોજી એમ. જોન, બિંદુ કૃષ્ણા, ટી. સિદ્દીક, કે. એ. તુલસી અને ઓ. જે. જનીશ પણ સામેલ છે.

IUML પોતાના...

જણાવ્યું હતું કે, નવી સરકારમાં મંત્રીપદની જવાબદારી સંભાળવા માટે પાંચ નેતાઓની પસંદગી કરવામાં આવી છે. જાહેર કરાયેલા નામોમાં પી.કે.કુંહાલીકુટ્ટી, એન.શમસુદ્દીન, કે. એમ. શાજી, પી. કે. બશીર અને વી. ઈ. અબ્દુલ ગફૂરનો સમાવેશ થાય છે. થંગલ દ્વારા એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, પક્ષની આંતરિક ચર્ચા અને ગઠબંધનની સત્તાની વહેંચણીની સમજૂતી મુજબ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

UAEના અણુ...

વચ્ચે નાજુક યુદ્ધવિરામ ચાલી રહ્યો છે, પરંતુ તણાવ હજુ પણ યથાવત છે. આ તણાવ મધ્ય પૂર્વને ફરીથી ખુલ્લા યુદ્ધ તરફ ધકેલી દેવાની અને આ સંઘર્ષને કારણે સર્જાયેલી વૈશ્વિક ઊર્જા કટોકટીને વધુ લંબાવવાની આશંકા જન્માવે છે. જ્યાં હુમલો થયો છે તે યુએઈનું એકમાત્ર અણુ વિજળી મથક છે. આ હુમલાની જવાબદારી કોઈએ લીધી નથી કે યુએઈ દ્વારા પણ કોઈના પર આક્ષેપ કરવામાં આવ્યો નથી. અંદાજે ૨૦ અબજ ડોલરનો બરાકાહ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ યુએઈ દ્વારા દક્ષિણ કોરિયાની મદદથી બનાવવામાં આવ્યો હતો અને તે ૨૦૨૦માં કાર્યરત થયો હતો. તે આરબ જગતનો સૌપ્રથમ અને એકમાત્ર પરમાણુ પાવર પ્લાન્ટ છે અને તે સાત શેખડમોના સંઘ એવા યુએઈની કુલ ઉર્જા જરૂરિયાતોનો ચોથો ભાગ (૨૫%) પૂરો પાડી શકે છે. યુએઈના ન્યુક્લિયર રેગ્યુલેટરે જણાવ્યું હતું કે આ આગના કારણે પ્લાન્ટની સુરક્ષા પર કોઈ અસર થઈ નથી. આ સંસ્થાએ એક્સ (X) પર લખ્યું, તમામ યુનિટ સામાન્ય રીતે કામ કરી રહ્યા છે. યુએઈના નિવેદનમાં આ હુમલા માટે કોઈ પક્ષ કે દેશને જવાબદાર ઠેરવવામાં આવ્યો નથી. વિયેના સ્થિત ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીએ જણાવ્યું હતું કે આ હુમલાને કારણે ઈલેક્ટ્રિકલ જનરેટરમાં આગ લાગી હતી અને એક રિએક્ટરને ઈમરજન્સી ડીઝલ જનરેટર દ્વારા પાવર આપવામાં આવી રહ્યો હતો.

ભારત-નેધરલેન્ડ...

પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી, ખાસ કરીને વૈશ્વિક ઊર્જા પુરવઠા અને વેપાર નેટવર્કમાં ઊભા થયેલા અવરોધોને ધ્યાનમાં લેતાં આ ક્ષેત્ર અને તેનાથી આગળ તેના ગંભીર પ્રભાવો અંગે ચિંતા દર્શાવી હતી. વાટાઘાટો દરમિયાન,

એક સંયુક્ત નિવેદન અનુસાર, મોદી અને જેટને હોર્મુઝની સામુદ્રધુની દ્વારા મુક્ત નૌકાપરિવહન અને વૈશ્વિક વાણિજ્ય પ્રવાહની હિમાયત કરી હતી, જ્યારે કોઈપણ "પ્રતિબંધાત્મક" પગલાંનો વિરોધ કર્યો હતો અને આ સંદર્ભમાં ચાલી રહેલી પહેલોને પોતાનું સમર્થન પુનઃવ્યક્ત કર્યું હતું. બંને નેતાઓએ યુક્રેનની સ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી. બંને દેશોએ ત્યાં ચાલી રહેલા યુદ્ધ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વાતચીત દરમિયાન, બંને નેતાઓએ વેપાર, સંરક્ષણ, ટેકનોલોજી, જળ વ્યવસ્થાપન, સ્વચ્છ ઉર્જા, આરોગ્ય સંભાળ અને શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરી હતી. અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં સહકારને વધુ ગાઢ બનાવવા માટે કેટલાક કરારો પર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા હતા. જળ વ્યવસ્થાપન, આરોગ્ય સંભાળ અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સહયોગ પર ભાર મૂકતા મોદીએ કહ્યું કે, લોકતાંત્રિક મૂલ્યો, બજાર અર્થતંત્ર અને જવાબદાર આચરણ એ આપણા સમાન અભિગમનો એક ભાગ છે. ઉભરતા ક્ષેત્રોમાં વધુ સહયોગની હાકલ કરતા મોદીએ જણાવ્યું હતું કે ભારત અને નેધરલેન્ડે ઇનોવેશન, સસ્ટેનેબિલિટી, રોકાણ અને સંરક્ષણ ક્ષેત્રે સહયોગ વધારવા માટે ડચ નિપુણતાને ભારતના ઝડપ અને કૌશલ્ય સાથે જોડવી જોઈએ.

લઘુમતિઓ સંબંધી ડચ વડાપ્રધાનના નિવેદનને ભારતે ફગાવી દીધું

ધ હેગ : નેધરલેન્ડના વડાપ્રધાન રોબ જેટેને કહ્યું હતું કે ભારતમાં લઘુમતિઓના અધિકારોનું હનન થઇ રહ્યું છે અને અખબારી સ્વાતંત્ર્યમાં પણ ઘટાડો થયો છે. જેટેનના આ નિવેદનનો વિરોધ કરતા ભારતે જણાવ્યું છે કે ભારત એક ધબકતી લોકશાહી છે અને અહીં લઘુમતિઓના અધિકારો સચવાય છે અને મીડિયાને પૂરતી સ્વતંત્રતા અપાય છે. ભારતે મીડિયાની સ્વતંત્રતામાં ઘટાડો અને ધાર્મિક તેમજ લઘુમતીઓના અધિકારોના હનન અંગેના આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે, અને ભારપૂર્વક જણાવ્યું છે કે ભારત એક જીવંત લોકશાહી છે જે તમામ નાગરિકોને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ગેરંટી આપે છે. ભારતના વિદેશ મંત્રાલયના સચિવ સિબી જ્યોર્જે આ ટિપ્પણીઓ નેધરલેન્ડના વડાપ્રધાન રોબ જેટેન દ્વારા ભારતમાં અભિવ્યક્તિની સ્વતંત્રતામાં કથિત ઘટાડા અંગે વ્યક્ત કરાયેલી ચિંતાના અહેવાલો અંગે પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેધરલેન્ડની બે દિવસીય મુલાકાત અંગે જ્યોર્જ શનિવારે સાંજે ડચ રાજધાનીમાં મીડિયા સાથે વાતચીત કરી રહ્યા હતા.

મોદી વિખ્યાત...

વધુમાં જણાવ્યું હતું કેઃ અમે ભારતમાં આધુનિક ટેક્નોલોજી લાવવા માટે પ્રતિબદ્ધ છીએ, જેનો હેતુ સિંચાઈ, પૂર સામે રક્ષણ અને અંતર્દેશીય જળમાર્ગ નેટવર્કના વિસ્તરણમાં મદદ કરવાનો છે. અફસ્લુઈટડીક ડેમને શ્રેષ્ઠતા અને નવપ્રવર્તનનું પ્રતીક ગણાવતા વિદેશ મંત્રાલયે જળ વ્યવસ્થાપન, પૂર સંરક્ષણ અને મીઠા પાણીના સંગ્રહમાં તેની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

નેધરલેન્ડે 11મી...

૩ નાની પ્લેટોનો સમૂહ, 11મી સદી સીઈ દરમિયાન ચોલ રાજાઓ દ્વારા જારી કરાયેલ શાહી સનદ છે. આ સનદો તમિલનાડુના નાગપટ્ટીનમમાં ચુલામનિવર્મા-વિહાર નામના બુદ્ધ વિહારને અનૈમંગલમ ગામ ભેટ આપવાની ઔપચારિકતા દર્શાવે છે. પ્લેટોમાં તમિલ અને સંસ્કૃતમાં લખેલા ગ્રંથો છે.

ધોલેરામાં બનશે...

તાઇવાનની 'પાવરચિપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન' સાથે મળીને લગાવી રહ્યું છે. હવે ડચ કંપની ASML આ પ્લાન્ટમાં એડવાન્સ લિથોગ્રાફી કમ્પોનન્ટ્સ પુરા પાડશે. સેમિકન્ડક્ટર બનાવવાની પ્રક્રિયામાં લિથોગ્રાફી સૌથી જટિલ અને ખર્ચાળ કામ ગણાય છે.

-: PUBLIC NOTICE FOR SALE :-

Through this public notice regarding sale, all concerned persons are hereby informed that, in Navsari District, Navsari Taluka, in the village of Sisodra (Ganesh), the detailed description of the Old Tenure agricultural land is as follows.

Sr.	Khata Number	Block Number	Area (He.Are.Sq.Mt.)	Assessment Rs.
1.	2338	1078/A	0-12-69	1.08
2.	2338	1078/B	0-09-81	0.83

The lands of the above description and details are running in the name of the owner i.e. daughter of Shanta Madhav Morar, and she intends to sell the said land to our client.If any person, institution, or individuals have any possession-occupancy. legal right-title-authority, share-part, claim, interest-relation, easement. or any writings of the nature of Satakhat (Agreement to Sell), Banakhat. Consent Letter. Acceptance, deal-letter, Guarantee, Mortgage, or Gift Deed regarding the above-mentioned ledger land, they should submit a written representation with documentary evidence to us on behalf of and for our client within 07 days from the publication of this notice. If failed to do so, it will be considered that there is no possession-occupancy, legal right-title-authority, share-part, claim, interest-relation, easement, or any writings of the nature of Satakhat (Agreement to Sell). Banakhat, Consent Letter, Acceptance, deal-letter, undertaking. Mortgage, or Gift Deed of any kind in the said ledger land, or if any exist, they have been "waived." Consequently, the owner of the above-mentioned ledger land will execute a Registered Sale Deed in favor of our client. And regarding that, any kind of objection-hindrance, dispute, or argument from anyone in the future shall not be binding upon our client. Of which, please take clear legal note. Date.18/05/2026

Office : 206, The Galleria, Nr Axis Bank, Yogi Chowk, Punagam, Surat-395010.
GAUTAM B KACHHADIYA (ADVOCATE)

સુધારો

તા. ૧૯/૧૨/૨૦૨૩ ના ગુજરાતમિત્ર દૈનિકમાં પ્રસિધ્ધ થયેલ મોજે ભરથાણા-વેસુ, બ્લોક નં.૨૩, ટી.પી નં.-૧૩, ફા.પ્લોટ નં.૩૨,૩૩ માં હીના બંગ્લોઝ નામથી ઓળખાતી જમીનમાં પ્લોટ નં.૧૦૯ ના વે.દ.નં.૨૪૯૬/૨૦૦૩ ની અસલ રજી. રસીદ ને બદલે વે.દ.નં. ૨૪૯૬/૨૦૦૫ ની અસલ રજી. રસીદ ગુમ થયેલ હોવાનું વંચાણે લેવું.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા
સુનીતાબેન એન. ગોટાવાલા
એડવોકેટ્સ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, નીચે કોષ્ટકમાં દર્શાવેલ ખેતીની જમીનોના માલીકોએ સદરહું જમીનો પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની હોવાનું જણાવી સદર જમીનો કિંમતી અવેજના બદલામાં અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. મજકુર જમીનોમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, લીયન, દર–દાવો બોજાનો અધિકાર હોય તો તેમણે આ નોટીસ મળ્યે **દિન–૧૫** માં અમારા નીચે જણાવેલા સરનામે દસ્તાવેજી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતા સદરહું જમીનોમાં તેવો કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો કર્યો છે તે જાણી આ નોટીસ મુદ્દત વિત્યે અમારા અસીલ વેચાણના પાકા દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી. તેની નોંધ લેશો.

જમીનની વિગત	જમીન માલીકનું નામ
ડીસ્ટ્રીકટ : નવસારી, સબ–ડીસ્ટ્રીકટ/તાલુકા : નવસારીના **મોજે ગામ : અષ્ટગામના બ્લોક/સર્વે નંબર : ૬૯૯** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૩૭૫** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૦૯.૧૧ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.ર.૧૨ પૈસા**વાળી ખેડખાતાની જમીન	પ્રકાશભાઈ મણીભાઈ પટેલ
એજન ગામના **બ્લોક/સર્વે નંબર : ૭૦૦** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૩૭૫** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૦૬.૦૭ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૧.૫૦ પૈસા**વાળી ખેડખાતાની જમીન	
એજન ગામના **બ્લોક/સર્વે નંબર : ૭૦૧** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૩૭૫** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૨૧.૨૫ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૫.૦૬ પૈસા**વાળી ખેડખાતાની જમીન	
એજન ગામના **બ્લોક/સર્વે નંબર : ૭૦૪** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૩૭૫** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૦૭.૭૩ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૨.૦૦ પૈસા**વાળી ખેડખાતાની જમીન	

તારીખઃ– ૧૮.૦૫.૨૦૨૬
ઓફીસ નંબરઃ ૨૦૧–૨૦૨, બાબુભાઈ ચેમ્બર્સ, અઠવાગેટ, સુરત. મો.નં. ૯૩૭૫૫ ૨૬૨૬૪
ભદ્રા ધીમંત જોષી
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, નીચે કોષ્ટકમાં દર્શાવેલ ખેતીની જમીનોના માલીકોએ સદરહું જમીનો પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની હોવાનું જણાવી સદર જમીનો કિંમતી અવેજના બદલામાં અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. મજકુર જમીનોમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે અન્ય કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, લીયન, દર–દાવો બોજાનો અધિકાર હોય તો તેમણે આ નોટીસ મળ્યે **દિન–૧૫** માં અમારા નીચે જણાવેલા સરનામે દસ્તાવેજી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતા સદરહું જમીનોમાં તેવો કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો કર્યો છે તે જાણી આ નોટીસ મુદ્દત વિત્યે અમારા અસીલ વેચાણના પાકા દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી. તેની નોંધ લેશો.

જમીનની વિગત	જમીન માલીકનું નામ
ડીસ્ટ્રીકટ : નવસારી, સબ–ડીસ્ટ્રીકટ/તાલુકા : નવસારીના **મોજે ગામ : અષ્ટગામના બ્લોક/સર્વે નંબર : ૭૪૭** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૯૩૩** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૧૫.૧૮ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૪.૦૦ પૈસા**વાળી ખેડખાતાની જમીન	જીલકુમાર મનોજ પટેલ તથા ચંદ્રકાંતભાઈ જયંતિલાલ પટેલ
એજન ગામના **બ્લોક/સર્વે નંબર : ૭૪૮** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૯૩૪** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૨૭.૩૨ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૭.૬૯ પૈસા**વાળી ખેડખાતાની જમીન	
એજન ગામના **બ્લોક/સર્વે નંબર : ૭૪૯** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૯૩૧** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૪૪.૫૧ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૧૦.૮૧ પૈસા**વાળી ખેડખાતાની જમીન	
એજન ગામના **બ્લોક/સર્વે નંબર : ૭૫૫** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૯૩૨** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૨૭.૩૨ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૭.૪૩ પૈસા**વાળી ખેડખાતાની જમીન	
એજન ગામના **બ્લોક/સર્વે નંબર : ૭૫૬** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૯૩૦** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૨૯.૩૪ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૬.૮૧ પૈસા**વાળી ખેડખાતાની જમીન	
એજન ગામના **બ્લોક/સર્વે નંબર : ૭૫૭** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનો ખાતા નંબર : **૯૩૫** કે જેનું ક્ષેત્રફળ **હે.આરે.૦.૩૧.૩૬ ચો.મી.** છે અને જેનો **આકાર રૂા.૭.૩૧ પૈસા**વાળી ખેડખાતાની જમીન	

તારીખઃ– ૧૮.૦૫.૨૦૨૬
ઓફીસ નંબરઃ ૨૦૧–૨૦૨, બાબુભાઈ ચેમ્બર્સ, અઠવાગેટ, સુરત. મો.નં. ૯૩૭૫૫ ૨૬૨૬૪
ભદ્રા ધીમંત જોષી
તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રકટ સુરત, સબ–ડીસ્ટ્રકટ તાલુકો ચોર્યાસી, ના મોજે ગામ કરંજ ના રે.સ.નં.૭૦, ૭૧ તથા ૭૩ પૈકી થી નોંધાયેલી જમીનમાં આવેલ "શ્રી સ્વામિ નારાયણ નગર વિભાગ–૨" માં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૬૧ (જુનો પ્લોટ નં.૬૦૩) જેના ઉપર આયોજીત ગ્રાઉન્ડ ફલોર ના બાંધકામ વાળી મિલકત કે જેનો મ્યુની.ટેનામેન્ટ નં.૦૨૧સી–૧૧–૬૬૭૧–૦–૦૦૧ વાળી મિલકત **હિતેષ હરિપ્રસાદ ભટ્ટ**, ની માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે. તેઓના સદરહું મિલકતની અસલ કબજા રસીદો પૈકી નીચે વર્ણવેલ કબજા રસીદ તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે માટે સદરહું મિલકત બાબતે કોઈને કોઈપણ જાતનો વાંધો કે ચાર્જ બોજા લીયન હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખીત જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતની તકરાર ચાલશે નહી અને જો કરશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે જેની છેવટની નોંધ લેવી.

ખોવાઈ ગયેલ કબજા રસીદની વિગત

(૧) લક્ષ્મી નારાયણ કોર્પોરેશન નામની ભાગીદારી પેઢી પાસેથી રોશનલાલ સોહનલાલ જૈન ના નામજોગ તા.૨૫/૧૨/૧૯૮૪ નારોજ થયેલ અસલ કબજા રસીદ.
(૨) રોશનલાલ સોહનલાલ જૈન પાસેથી ગોપાલભાઈ બેચરભાઈ શીંગાળા ના નામજોગ તા.૦૧/૦૨/૨૦૦૩ નારોજ થયેલ અસલ કબજા રસીદ.
(૩) ગોપાલભાઈ બેચરભાઈ શીંગાળા પાસેથી હરેશકુમાર ચંપકલાલ પાઠક તથા વિગેરે ના નામજોગ તા.૨૨/૦૭/૨૦૦૩ ના રોજ થયેલ અસલ કબજા રસીદ. (સ્થળ.સુરત.તા.૧૬/૦૫/૨૦૨૬)

ઓફીસ : યુ-૧૦/૧૧, ડાયમંડ વર્લ્ડ, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો.૮૪૬૯૫ ૬૯૬૬૬
મારી મારફત **પિયુષ બલર**
તે હિતેષ હરિપ્રસાદ ભટ્ટ, ના એડવોકેટ

શહેર સુરતના ઘોડદોડ રોડના જમના નગર બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ શ્રી દર્શન કો.ઓ.હા.સો.લી. વાળી જમીનમાં આવેલ ''શ્રી નિકેતન એપાર્ટમેન્ટ'' અંગે જાહેર ચેતવણી

શહેર સુરતના ઘોડદોડ રોડના જમના નગર બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ વોર્ડ મજુરાના સી.સ.નં. ૧૧૧ પૈકીની જમીનમાં **શ્રી દર્શન કો.ઓ.હા.સો. લી.** ની વસાહતમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૨** વાળી જમીન પર બાંધવામાં આવેલ **''શ્રી નિકેતન એપાર્ટમેન્ટ''** વાળી મિલકત પૈકી પૂર્વ દિશા તરફનો ત્રીજા માળે આવેલ ફલેટ કે જેનો **ખાનગી ફલેટ નંબર : ૪૦૨ તથા ગ્રાઉન્ડ ફલોર પર આવેલ ઓફિસ** સહિતની મિલકત અમોએ તેના મૂળ માલિક પાસેથી વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ સુરતના સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૧૧૦૬૪ થી તા. ૫/૯/૨૦૦૭ ના રોજ નોંધાયેલ છે.

અમોને હાલમાં જાણવા મળેલ છે કે, **''શ્રી નિકેતન એપાર્ટમેન્ટ''** ના સભાસદો તઓની માલીકીના ફલેટો અને તળની આખી જમીન વેચાણ કરવા ફરી રહયા છે. પરંતુ સોસાયટી કમ્પાઉન્ડમાં આવેલ ઓફિસ તથા ત્રીજા માળે આવેલ ફલેટ નં. ૪૦૨ અમોએ કોઈને પણ વેચાણથી આપવા માટેના કોઈ કરારો કરેલ નથી. જેથી કોઈપણ વ્યકિતએ **''શ્રી નિકેતન એપાર્ટમેન્ટ''** વાળી જમીન ખરીદ કરવી નહી, અન્યથા તેવી વ્યકિતઓને તકરાર સિવાય કશુ પ્રાપ્ત થશે નહી.

મારી સુચનાથી,
રૂષિ અરૂણકુમાર પોપટ
રહે. બી–૫૦૧, શારસ્વત એપાર્ટમેન્ટ, સરેલા વાડી, ઘોડદોડ રોડ, સુરત મો. ૯૯૨૫૯૪૫૨૨૨

મારી મારફત,
ધર્મેન્દ્ર કે. માટલીવાળા
એડવોકેટ
ઠેકાણું : એ/૧, રવિજયોત એપાર્ટમેન્ટ, લુર્ડસ કોન્વેન્ટ સ્કુલની સામે, અઠવાલાઈન્સ, સુરત મો. ૯૮૯૮૦ ૬૦૦૫૫